# શબ્દસમૂહ માટે એક શબ્દ (ગુજરાતી, ધોરણ-૬) પ્રથમસત્ર

પાઠ-૩

પથ્થર કે લાકડામાં કોતરકામ કરનાર - શિલ્પી

પોતાનું મૂલ્ય આંકવું, પોતાની મૂલવણી કરવી - સ્વમૂલ્યાંકન

લીલું ઘાસ ઉગાડેલું સપાટ મેદાન - લૉન

પાઠ-૪

નદીકિનારા પાસેની બખોલો - કોતર

પાણી આવવા જવા માટે બાંધેલો સાંકડો માર્ગ - ગરનાળું

ઘરની બાજુની દીવાલ - કરો

કોઈ ખાસ પ્રસંગે પોતાની મેળે સેવા આપનાર - સ્વયંસેવક

જીવનનું મુખ્ય કર્તવ્ય - જીવનધર્મ

કુળની ઓળખ માટેની સંજ્ઞા - અટક

કૂવામાં વધારે પાણી લાવવા નળ જમીનમાં ઉતારી કૂવો બનાવવો તે - બોરિંગ

પાઠ-૬

પાઘડીના જેવો વિસ્તાર - પાઘડી પને

મૃત્યુના સમયે લખતો પત્ર - કાળોતરી

મરણ પછી બારમા દિવસે થાતી વિધિ - બારમું, કારજ

માટીની ભીંતનું નાનું ઘર - ખોરડું

પશુ કે ગાડાં વગેરે બાંધવાનું દોરડું - રાંઢવું

લેણદેણ સંબંધી લખાણ - દસ્તાવેજ

મરણ પાછળ રોવા કૂટવાનો રિવાજ - લોકાચાર

પાઠ-૮

સવારનો નાસ્તો - શિરામણ

ઝટપટ ઊકલી ન શકે તેવો પ્રશ્ન - કોયડો

કાળના જેવા મોં વાળું - કાળમુખું

મુસ્લિમ ધર્મ મુજબ ખાટમાં શબ ગોઠવેલું હોય તે - મૈયત
શાબાશી બદલ અપાતો પોશાક - સરપાવ
મુસલમાન, યહુદી, ખ્રિસ્તી વગેરેનાં શબ દાટવાનું સ્થાન - કબ્રસ્તાન
સાંજનું ભોજન - વાળુ
જેના શુકન ખરાબ ગણાતા હોય તેવું - અપશુકનિયાળ

પાઠ-૯
ગામની બહાર ઢોરો ઊભાં રહે છે તે જગ્યા - ગાંદરું
ઢોરને પાણી પીવાનો (કૂવા પરનો) કુંડ - હવાડો
પાછળનો ભાગ, છુપાવાની જગ્યા - ઓઠું
છાપરાનાં છેડા પરનાં નળિયા - નેવાં
કૂવે પાણી ભરનારી સ્ત્રી - પાણિયારી
જેની આવવાની તિથિ નક્કી ન હોય તે - અતિથિ
તકરારનો નિવેડો લાવવા માટેની ચર્ચા - પંચાત
ગામની સ્ત્રીઓ જ્યાંથી પાણી ભરતી હોય તે કૂવો - ગામકૂવો

# શબ્દસમૂહ માટે એક શબ્દ (ગુજરાતી, ધોરણ-૭) પ્રથમસત્ર

કાવ્ય-૨

થોડા સૂકા, થોડા ભીના - આલાલીલા

ત્રણજાતના પાનનું તોરણ - તરિયાતોરણ

જેનો પતિ હયાત હોય તેવી સ્ત્રી - સોહાગણ, સૌભાગ્યવતી

મંગળસૂચક આકૃતિ - સાથિયો

ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલવું - મલપવું

પાઠ-3

ગાય ભેંસનું ટોળું - ધણ

ખેતરના છેડા પરની ખેડ્યા વિનાની પટ્ટી - શેઢો

પગથી ચાલી શકાય તેવો સાંકડો રસ્તો - પગદંડી, પગવાટ, કેડી

તેજસ્વી વિદ્યાર્થીને અપાતી આર્થિક સહાય - શિષ્યવૃત્તિ

તરત ભૂકો થઈ જાય એવો માટીનો ટૂકડો - ઢેફું

પાઠ-૪

સંઘરો કરવાનું માનસિક વલણ - પરિગ્રહ

સહન ન થઈ શકે તેવું - અસહ્ય

ઘરના જેવી સગવડોવાળો રેલગાડીનો ખાસ ડબ્બો - સલૂન

પાપના નિવારણ માટેનું તપ - પ્રાયશ્ચિત

જેનું મૂલ્ય ન થઈ શકે તેવું - અમૂલ્ય

કાવ્ય-૫

પવનથી ઊડેલા વરસાદના છાંટા - વાછંટ

છાપરાનાં છેલ્લા ભાગનાં નળિયા, જેમાંથી પાણી નીચે પડે તે - નેવાં

પાઠ-૬

રસ્તાની બાજુ પર પગે ચાલનારાઓ માટેનો રસ્તો - ફૂટપાથ

મટકું પણ માર્યા વિના - અનિમેષ

પ્રયત્ન કર્યા વિના - અનાયાસ

પાઠ-૭

જીવનને ઉપયોગી ભાથું - જીવનપાથેય

વિચારોની શ્રેણી, ક્રમિકતા - વિચારશૃંખલા

તાલુકાનું વસૂલાત સંબંધી કામ કરનાર - મામલતદાર

અમલદારને છૂપી રીતે અપાતી કે લેવાતી અઘટિત રકમ - લાંચ

સરકારને રાજ્યના કામ અંગે નાણાની લેવડદેવડ અંગે અપાતું બાયંધરીપત્ર - પ્રોમિસરી નોટ

પાઠ-૮

વહાણ હંકારનાર - માલમ

ઉત્તમ પ્રકારની સ્ત્રી - પદમણી, પદ્મિની

પાઠ-૯

ગામઠી મકાનના છાપરા પરનું આધારભૂત મોટું લાકડું - મોભ

જેનાથી આપણને જીવન જીવવાનું બળ મળ્યા કરે તે વસ્તુ, વ્યક્તિ કે સ્થળ - જીવનસ્રોત

દેશી દવા આપવાનું સ્થળ - ઔષધાલય

જીવનનો મહત્વનો સિદ્ધાંત - જીવનસૂત્ર

પાઠ-૧૦

બીજા ગ્રહ પર રહેનાર - પરગ્રહી

એક ભાષાની મતલબ વાત બીજી ભાષામાં કહેનારા - દુભાષિયા

કઈક માગણી અંગેની ધમકીભરી ચિઠ્ઠી – જાસાચિઠ્ઠી

## શબ્દસમૂહ માટે એક શબ્દ (ગુજરાતી, ધોરણ-૮) પ્રથમસત્ર

કાવ્ય-૪

ક્ષેમકુશળ રહો, કુશળ રહો એવો ભાવ સૂચવનારો ઉદગાર - ખમ્મા

ઉનાળાની ગરમ હવા - લૂ

પાઠ-૫

રાજ્યના કાયદા ઘડનારી સભા - વિધાનસભા, ધારાસભા

રાજ્ય કે દેશનું વડુંમથક - પાટનગર, રાજધાની

રક્ષક તરીકેની કામગીરી બજાવનાર - સુરક્ષાકર્મી

પાઠ-૭

સમજવામાં થતી ભૂલ - સમજફેર

સમાચાર વગેરેની જાહેરાત માટે દીવાલ પર ચોંટાડવાનો કાગળ - ભીંતપત્ર

કિલ્લાનો રક્ષક, પોલીસ અમલદાર - કોટવાલ

વિજયનો પોકાર - જયઘોષ

પાઠ-૯

હિન્દુ મહિનાના બંને પખવાડિયાની પહેલી તિથિ - પડવો

બે ભાગમાં વહેંચીને વ્યવસ્થિત કરેલા દાઢીમૂછના વાળ - કાતરા

કેડ સુધી પહોંચતું કસવાળું અંગરખું - કેડિયું

એક નાનું બેધારું હથિયાર - કટારી, કટાર

વનમાં વૃક્ષોની લાંબી હાર - વનરાઈ, વનરાજી

કાવો અને અફીણને ઘોળીને બનાવેલું પીણું - કાવાકસૂંબા

ગામની ભાગોળનો દરવાજો - ઝાંપો

હાથીના લમણાનો ભાગ - કુંભસ્થળ, ગંડસ્થળ

ચાર કડીઓવાળું ઘોડાના મોંમાં પહેરાવાતું સાધન - ચોકડું, લગામ

ડાંગર વગેરે ખાંડવાનું લાકડાનું સાધન - સાંબેલું, મુસળ

હથેળીમાં આપવામાં આવતું અફીણનું પ્રવાહી - કસુંબો

હોળી ખેલનારો માણસ - ઘેરૈયો

પાઠ-૧૦

બાળપણનો સમય - બાલ્યકાળ

અધ્યયન કરવાનું સ્થળ - પાઠશાળા, નિશાળ

જેને કશું મેળવવાની ઈચ્છા ન હોય એવી વ્યક્તિ - નિ:સ્પૃહ

તંત્રવિદ્યાને અનુસરનાર વ્યક્તિ - તાંત્રિક

પરમેશ્વર એકજ છે એવું સમજી એમાં નિષ્ઠા રાખવી તે - એકબ્રહ્મનિષ્ઠા

સંસ્કૃત ભાષાના વ્યાકરણનું એક પુસ્તક - લઘુકૌમુદી

ભિક્ષાવૃત્તિ, માગણવૃત્તિ - યાચનાવૃત્તિ

સૂવા માટેની પથારી - પાથરણું

ધાર્મિક શિક્ષણ આપવાનું સ્થાન - આશ્રમ